ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી
ઇજનેરી/ફાર્મસી કોલેજના અધ્યાપકો માટે કેરીયર
એડવાન્સમેન્ટ સ્કીમ(C A S) લાગુ પાડવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસસીટી-૧૦૨૦૧૩-૮૩૧૦૧૫-ઘ
સચિવાલય ગાંધીનગર
તા:- 12 NOV 2014

વંચાણે લીધા:-

(૧) ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશનની તા.૫/3/૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: F-No-37-3/Legal/2010

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક:એસસીટી/૧૦૨૦૧૦/૧૯૨૮/૩૭૬૭૬૨/ઘ તા.૦૨/૦૮/૨૦૧૧

(3) ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન ની તા.૦૮/૧૧/૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક:F No.-37-3/Legal/AICTE/2012

(૪) કમીશનરશ્રી (ટેકનિકલ શિક્ષણ)નો તા.૧૯/૧૧/૨૦૧૩નો પત્રક્રમાંક: સીટીઇ/એઆઇસીટીઇ/ CAS-Diploma/૨૦૧૩/ઘ-3-એ/૨૬૩૫૧

આમુખ:-

ઓલ ઇન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્રારા ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે સંદર્ભ (૧)ની અધિસૂચનાથી છઠ્ઠા પગારપંચ અન્વયેના સુધારેલ પગાર ધોરણોની ભલામણ કરવામાં આવી હતી. આ પગારધોરણો રાજય સરકારના સંદર્ભ (૨) ના ઠરાવથી રાજયની ડીપ્લોમા લેવલની સરકારી/અનુદાનિત ઇજનેરી/ફાર્મસી સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફને લાગુ પાડવામાં આવેલ હતા. ત્યાર બાદ સંદર્ભ (3)ની અધિસૂચનાથી એ.આઇ.સી.ટી.ઇ.દ્રારા ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટે કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ રેગ્યુલેશન્સ,૨૦૧૨ ની ભલામણ કરવામાં આવી હતી.તે અન્વયે કમીશનરશ્રી (ટે.શિ.) ના સંદર્ભ (૪) માં દર્શાવેલ પત્રથી આ રેગ્યુલેશન રાજયની ઉક્ત ટેકનિકલ સંસ્થાઓમાં લાગુ પાડવાની તેમજ નવા પગાર ધોરણો અન્વયે કેટલીક સ્પષ્ટતાઓ અંગે દરખાસ્ત કરવામાં આવતા આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

એ.આઇ.સી.ટી.ઇ.ની તા.૮/૧૧/૨૦૧૨ની અધિસૂચનાથી પ્રસિધ્ધ થયેલ ડીપ્લોમા લેવલના અભ્યાસક્રમો ચલાવતી ટેકનિકલ સંસ્થાઓના શૈક્ષણિક સ્ટાફ માટેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ રેગ્યુલેશન્સ ૨૦૧૨ ની જોગવાઇઓ મુજબ એકેડેમિક પરફોર્મન્સ ઇન્ડીકેટર આધારિત પરફોર્મન્સ બેઇઝડ એપ્રેઇઝલ સીસ્ટમ (PBAS) રાજય સરકારની ટેકનિકલ સંસ્થાઓ કે જેમાં સંદર્ભ (૨) ના ઠરાવનું અમલીકરણ થયેલ છે તે સંસ્થાઓમાં અમલ કરવાનું નીચેની વિગતે આથી ઠરાવવામાં આવે છે.

(૧) કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ અંતર્ગત એ.જી.પી.મંજુર કરવા નીચે મુજબ કમિટીઓ નિયત કરવામાં આવે છે:

| | કમિટી | કમિટીના સભ્યો | | |
|---|---|---|---|---|
| (એ) | સ્કીનીંગ કમિટી | ૧ | સંસ્થાના વડા/ આચાર્ય | ચેરમેન |
| | | ૨ | સંબંધિત વિધાશાખાના ખાતાના વડા | સભ્ય સચિવ |
| | | 3 | બે વિષય નિષ્ણાત (કમિશ્નરશ્રી(ટે.શિ.) દ્વારા નિયુકત વિષય નિષ્ણાતની પેનલ પૈકી) | સભ્ય |
| (બી) | સીલેકશન કમિટી | ૧ | કમિશ્નરશ્રી(ટે.શિ.) | ચેરમેન |
| | | ૨ | ના.સ.શ્રી/ સં.સ.શ્રી (ટે.શિ) શિક્ષણ વિભાગ | સભ્ય |
| | | 3 | બે વિષય નિષ્ણાત (કમિશ્નરશ્રી(ટે.શિ.) દ્વારા નિયુકત વિષય નિષ્ણાતની પેનલ પૈકી) | સભ્ય |
| | | ૪ | સંયુકત નિયામકશ્રી- ટેકનિકલ શિક્ષણ | સભ્ય સચિવ |

AICTEના તા.૮-૧૧-૧૨ના નોટીફીકેશનથી નિયત થયા મુજબ સ્કીનીંગ કમિટી એજીપી રૂ.૭000/- સુધી અને સીલેકશન કમિટી ત્યાર પછીની એજીપી મુવમેન્ટ મંજુર કરવાની કાર્યવાહી કરશે જેમા અધ્યાપકોના વાર્ષિક ખાનગી અહેવાલો(એ.સી.આર./પર્ફોર્મન્સ અપ્રેઇઝલ રીપોર્ટ) પણ ધ્યાને લેવાના રહેશે. ઉપરોક્ત કમિટીઓ વર્ષમાં ૨ વાર મળશે.

(૨) તા.૦૫/03/૨૦૧૦ થી નવી PABS આધારીત CAS અમલમાં આવતી હોવાથી તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૦૪/03/૨૦૧૦ સુધી અગાઉની પાંચમા પગાર પંચ મુજબ SS/SG આપવાના રહેશે. તા.૦૧/૦૧/૨૦૦૬ થી ૦૪/03/૨૦૧૦ સુધી SS/SG

આપ્યાબાદ આવા અધ્યાપકોને છઠ્ઠા પગારપંચ અન્વયેના AICTE ની ભલામણો અનુસારના શિક્ષણ વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૧ ના ઠરાવ મુજબ પગાર નિયત કરવાનો રહેશે. તા.૦૧/૦૧/૨૦૦૬ થી ૦૪/03/૨૦૧૦ સુધીના સમયગાળા માટે PBAS આધારીત પધ્ધતિ લાગુ પાડવાની રહેતી નથી.

(3) BE/BTech./ M.Com./M.A ./M.Sc./ B.Arch/ B.Pharm ની લાયકાત ધરાવતા અધ્યાપકોને પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦ અને એ.જી.પી. ૫૪૦૦ મળવાપાત્ર થશે, જ્યારે M.E./M.Tech /M.Pharm./ M.Arch./ Ph.D./ M.Phil.ની લાયકાત ધરાવતા અધ્યાપકોને પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦ અને એ.જી.પી.૬૦૦૦ મળવાપાત્ર થશે. ત્યારબાદ આ અધ્યાપકોને લાયકાત અને પાત્રતા મુજબ CAS મળવાપાત્ર થશે.

(૪) AICTE દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૦૫/03/૨૦૧૦ ના નોટીફીકેશનની તારીખ અગાઉ સેવામાં હોય/નિવૃત્ત થયેલ હોય/બઢતી પામેલ હોય અને તેઓ રાજ્ય સરકારના જે તે સમયના પ્રવર્તમાન ભરતી નિયમોની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા હોય તેઓને તા.૧/૧/૨૦૦૬થી તા.૪/૩/૨૦૧૦ સુધીના સમયગાળા દરમિયાન જે તે નિયમાનુસાર ઉક્ત ફકરા(૨) મુજબ SS/SG મળવાપાત્ર રહેશે. તેઓના કિસ્સામાં AICTE ના તા.૫-૩-૧૦ના નોટીફીકેશન મુજબની શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવાની રહેશે નહિ.

(૫) તા.૦૫/03/૨૦૧૦ પછી અધ્યાપકોને CAS અંતર્ગત પે બેન્ડ અને એજીપી મુવમેન્ટ માટે વાર્ષિક ખાનગી અહેવાલો (એ.સી.આર./પર્ફોર્મન્સ અપ્રેઇઝલ રીપોર્ટ)ને ધ્યાને લઇ શિક્ષણ વિભાગના તા.૨/૮/૨૦૧૧ના ઠરાવથી નિયત થયેલ એનેક્ષર-II પ્રમાણે જે તે પે બેન્ડ અને એ.જી.પી. મળવાપાત્ર રહેશે. અધ્યાપકોએ મેળવવાના રહેતા કેટેગરીવાઈઝ એ.પી.આઈ. સ્કોર તથા સ્ટેજવાઈઝ એજીપી મુવમેન્ટની વિગતો AICTE ના તા.૮-૧૧-૧૨ના નોટીફીકેશનના એપેન્ડીક્ષ-I ના ટેબલ II (A) મુજબ રહેશે.

(૬) પે બેન્ડ ૧૫૬૦૦-૩૯૧૦૦ અને એ.જી.પી. ૮૦૦૦માં ૩ વર્ષ પૂર્ણ કરનાર જે અધ્યાપકો, ખાતાના વડાની જગ્યા માટે લાગુ પડતી શૈક્ષણિક લાયકાત ધરાવતા હશે તેઓને જ પે બેન્ડ ૩૭૪૦૦-૬૭૦૦૦ અને એ.જી.પી. ૯૦૦૦ મળવાપાત્ર થશે.

(૭) જે અધ્યાપકો ફક્ત વહીવટી કાર્ય સાથે જોડાયેલ છે તેમના માટે શૈક્ષણિક, સંશોધન અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવી શક્ય ન હોઈ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા તેઓના માટે એ.પી.આઈ. સ્કોરીંગ અને વાર્ષિક સેલ્ફ એસેસમેન્ટ ફોર્મ અલગથી બનાવવામાં આવશે.

(૮) આ કામગીરી ના અમલ માટે દરેક સંસ્થા તેમજ COTE લેવલે ઇન્ટર્નલ ક્વોલીટી એસ્યોરન્સ સેલ ઉભુ કરવાનુ રહેશે

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૧૦/૨૦૧૪ની નોધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એમ.આર.કોઠારી)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

* નામ.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન ગાંધીનગર
* અગ્રસચિવશ્રી,માન.મુખ્યમંત્રીશ્રી નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ,સચિવાલય ગાંધીનગર
* માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
* માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.અને.ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
* અગ્રસચિવશ્રી (શિ.)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગર
* કમિશ્નરશ્રી (ટે.શિ.) બ્લોક નં.૨/૨જો માળ ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
* એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ),ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ
* એકાઉન્ટ જનરલ-૨ (પે એન્ડ ઇ) ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ
* પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
* નિરક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હીસાબ , ગાંધીનગર
* અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય
* નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી,સર્વે,યુનિવર્સિટીઓ (કમિશ્નરશ્રી ટે.શિ.) મારફત
* સર્વે આચાર્યશ્રી, સરકારી અને ગ્રાન્ટઇન એઇડ કોલેજો (કમિશ્નરશ્રી ટે.શિ.) મારફત
* સેકશન અધિકારીશ્રી, સ-શાખા, શિક્ષણ વિભાગ
* સિલેકટ ફાઇલ